**રે.દિ.મુ.નં.૫૪/૨૦૧૮ નાં કામે આંક–૫ ની વચગાળાની મનાઈ અરજી લગત હુકમ**

૧:: આ કામે વાદી તરફે આંક–૧ થી રજુ કરવામાં આવેલ દાવા અરજી, આંક–૦૩ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ, આંક–૫ થી રજુ દરમ્યાન મનાઈ અરજી વંચાણે લીધી. તેમજ આંક–૧૯ થી રજુ કરવામાં આવેલ કાઉન્ટર એફીડેવીટ, આંક–૨૦ થી રજુ કરવામાં આવેલ લેખીત દલીલો વિગતે ઘ્યાને લીધી.

૨:: આ કામે પ્રતિવાદી નં. ૧ તરફે આંક–૧૩ થી રજુ કરવામાં આવેલ લેખીત જવાબ તથા આંક–૧૪ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ વિ. ઘ્યાને લીધા.

૩:: આ કામમાં પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓ હાજર થયેલ નથી.

૪:: વાદીના દાવાની હકીકત, કામચલાઉ મનાઈહુકમની અરજીની હકીકત તથા પ્રતિવાદીએ રજુ કરેલ જવાબની હકીકત ઘ્યાને લેતાં આંક–૫ નાં નિર્ણય સારૂ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શુ વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબીત કરી શકે છે ?

૨. શુ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમા છે ?

૩ શુ વાદીને માંગ્યા મુજબ મનાઈ નહી આપવાથી નાણાંથી ન આંકી શકાય તે રીતનુ નુકશાન થાય તેમ છે ?

૪. શુ હુકમ ?

૫:: ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**નિર્ણયો**

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. છેવટના હુકમ મુજબ

## કા ર ણો

૬:: મુદ્દા નં:૧::૨::૩::–

સીવીલ પ્રોસીજર કોડના આદેશ ૩૯ નિયમ ૧–૨ મુજબ કામચલાઉ મનાઈહુકમ માટેની અરજીના નિકાલ માથે પ્રથમદર્શનીય કેસની ચર્ચા કરવાની હોય ત્યારે કોર્ટે બંને પક્ષે રજુ થયેલ દસ્તાવેજ ઉપરથી દાવાનો કોઈ તકરારી મુદ્દો સમાયેલો છે કે કેમ? તે નકકી કરવાનુ હોય છે. તથા કયો પક્ષ તે મુદ્દો પોતાની તરફેણમા છે તેમ પ્રથમ દર્શનીય રીતે દર્શાવે છે કે કેમ ? તે નકકી કરવાનુ હોય છે.હાલના તબકકે કાયદા તેમજ હકીકત આધારીત પ્રશ્નોનો આખરી નિકાલ કરવાનો નથી. પરંતુ જે ચર્ચા કરવામા આવે તે ફકત પ્રથમ દ્રષ્ટિય કેસ પુરતી જ મર્યાદીત છે. આ ત્રણે મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય આ ત્રણે મુદ્દાઓમા એક બીજા સાથે સંલગ્ન હોવાથી ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના કારણસર આ ત્રણે મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામા આવે છે.

૬/૧. આ કામનાં વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈહુકમની અરજીની મુખ્યત્વે જે રજુઆત એવી છેકે, આ કામનાં વાદીની મોજે ગામ માછી તા. કામરેજ જી.સુરત મુકામે બ્લોક નં.૧૮૯ સર્વે નં. ૧૪૪ વાળી ખેતીની જમીન ધરાવે છે. તથા પ્રતિવાદી નં.૧ મોજો ગામ માછી તા.કામરેજ જી.સુરત મુકામે બ્લોક નં.૧૮૬ સર્વે નં. ૧૪૭/૨ વાળી ખેતીની જમીન ધરાવે છે. વાદીની હકીકત મુજબ પ્રતિવાદી નં.૧ ની જમીનની પુર્વ દિશાાએ વાદીની જમીન આવેલી છે અને વાદીની જમીનની પૂર્વ દિશામાં વાદીના ખેતરમાં એટલે કે બ્લોક નં.૧૮૯ માં આવવા જવાનો આવેલ છે. સદરહુ રસ્તા ઉપરથી વાદી પોતાની જમીનમાં ખેતીના સાધનો, ખેત મજુરો, બિયારણ, પાક વિ. લાવી લઈ જઈ ખેતી કરતા આવેલ છે. તથા આ રસ્તો પ્રતિવાદી નં.૧ ની જમીનની પશ્રિમ દિશાએ એટલે કે વાદી તથા પ્રતિવાદીની જમીનની મધ્યમાં થઈને આ રસ્તો પસાર થાય છે. જયાંથી છેલ્લા ૪૦ વર્ષ ઉપરાંતથી વાદી આ રસ્તાનો ઉપયોગ કરે છે અને રસ્તાને કયારે નાબુદ કરવામાં આવેલ નથી. જેથી પ્રતિવાદી નં.૧ નાં બ્લોક નં. ૧૮૬ વાળી જમીનના પાણીનો નિકાલ કરવા માટેનો કોઈ ઈઝમેન્ટરી રાઈટસ આ રસ્તા ઉપરથી મળેલ નથી. તેમ છતાં પ્રતિવાદી નં.૧ પોતાની જમીનનાં પશ્રિમ છેડેથી

પાણીનો નિકાલ કરવા માટે કાર્યરત થયેલ છે. હકીકતે પ્રતિવાદી નં.૧ પોતાનાં પુર્વ છેવાડેથી આ પાણીનો નિકાલ કરી શકે તેમ છે, છતાં પણ પ્રતિવાદીએ વાદીની જમીનમાંથી પોતાનાં પાણીનો નિકાલ કરવા માટે મામલતદારશ્રી રૂબરૂ ખોટો દાવો કરેલ છે અને પ્રતિવાદી નં.૧ ની જમીન મુકી ખેતીનો રસ્તો મુકી વાદીની જમીન આવેલી છે. જે પ્રતિવાદી નં.૧ ની જમીન કરતા એકથી દોઢ ફુટ ઉંચી આવેલી છે. તેમ છતાં મે. કામરેજનાં મામ.શ્રી રૂબરૂ મામલતદાર કોર્ટ એકટ કેસ નં.૯/૨૦૧૪ થી દાવો કરેલ અને પ્રતિવાદી નં.૧ ની જમીન વચ્ચેનાં રસ્તાને ખોદી વાદીની જમીનમાંથી પાણીનો નિકાલ કરવા માટે ખોટી રીતે માંગણી કરેલી અને મામલતદારશ્રીને આવો હુકમ કરવાનો કોઈ હકક કે સ–તા કાયદેસર રીતે પ્રાપ્ત થતા ન હોવા છતાં મામલતદારશ્રીએ પ્રતિ. નં. ૧ ની તરફેણમાં આવો હુકમ કરેલો. જેમાં વાદીને કોઈ રીતે ઉલટતપાસ કરવાનો કે એવો કોઈ હકક મળેલ નથી. પક્ષકારોની દલીલ જવાબની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. પરંતુ પ્રતિવાદી નં.૧ ના તરફેણમાં ખોટી રીતે તારણ નિર્ણય લઈ મામ.શ્રીએ કાર્યવાહી પૂર્ણ કરેલ છે. જે અંગે નાયબ કલેકટરશ્રીની કોર્ટમાં રીવીઝન કેસ નં. ૧૦/૨૦૧૫ થી દાખલ કરેલ. જે કેસમાં નાયબ કલેકટરશ્રીએ મામલતદારશ્રી કામરેજનો હુકમ કાયમ રાખતો હુકમ કરેલ. જેથી વાદીએ ગુજરાત રાજયની વડી અદાલત માં સ્પે. સીવીલ એપ્લી. નં.૨૩૧૦૭/૨૦૧૭ થી દાખલ કરેલી. જેમાં નામ. ગુજરાત રાજયની વડી અદાલતે તારણ કાઢેલ કે મામ. કોર્ટ એકટ હેઠળ કાર્યવાહી કરવાને બદલે પક્ષકારોએ સીવીલ કોર્ટમાં જવુ જોઈએ અને સીવીલ રાહે હકકો નકકી કરી લેવા જોઈએ. આમ વાદીનો પ્રાયમાફેસી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં છે અને જો પ્રતિવાદી નં.૧ નાં પાણીનો નિકાલ વાદીનાં ખેતરમાંથી થતો રોકવામાં ન આવે તો વાદીની જમીનનાં ઉભા શેરડીના પાકને પણ ગંભીર નુકશાન જાય તેમ છે, તેમજ વાદીની જમીન પાક વિનાની થાય અને વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું ગંભીરપ્રકારનું નુકશાન વાદીને જ થાય તેમ છે. આથી સીવીલ રાહે આનુ નિરાકરણ આવી શકે તેમ હોય. વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે, જેથી કામચલાઉ મનાઈહુકમ ની અરજી ગ્રાહય રાખવી જોઈએ તેવું વાદી તરફે પ્રતિપાદન કરવામાં આવેલ છે.

૭:: આ કામે વાદીએ પોતાની દાવા અરજીનાં સમર્થનમાં આંક–૩ નાં લીસ્ટથી જે પુરાવા રજુ કરેલ છે તે વંચાણે લેતાં નિશાની ૩/૧ થી વાદી નં.૧ અને ૨ નાં પાવરની નકલ છે. અત્રે ઉલ્લેખનીય છેકે, વાદીના પાવર ઓફ એટર્ની ધ્વારા દાવો દાખલ કરવામાં આવેલ છે. નિશાની ૩/૨ થી વાદી નં.૩ નાએ આપેલ પાવરની નકલ છે. નિશાની ૩/૩ થી મામલતદાર કોર્ટ કેસ નં.૯/૧૪ નાં હુકમ વિરુધ્ધ કામરેજનાં પ્રાંત ઓફીસર રૂબરૂ કરેલ રીવીઝન અરજી નં. ૧૦/૨૦૧૫ નાં કામનો તુમાર વાદીએ રજુ કરેલ છે. જેમાં પાન નં. ૩ ઉપર મે.કામરેજનાં મામલતદારશ્રીએ કરેલ હુકમ સામે સ્ટે કરવાની અરજી છે. જે આ કામનાં વાદીના પાવરદારે અરજદાર તરીકે કરેલ છે. પાન નં. ૧૯ ઉપર મામલતદારશ્રીનાં હુકમ સામે પાવર ઓફ એટર્ની હોલ્ડરે અપીલ કરેલ છે તે અપીલ મેમો રજુ છે. પાન નં. ૨૭ ઉપર જણાવ્યા પ્રમાણે પ્રતિવાદીએ મામ. કોર્ટ એકટની કલમ–૫ અન્વયે હાલનાં વાદી તથા તેનાં પાવર ઓફ એટર્ની હોલ્ડર સામે કાર્યવાહી કરેલ તેનો હુકમ રજુ છે. જે હુકમ વંચાણે લેતાં આ કામનાં પ્રતિવાદીએ કરેલ અરજી મામ.શ્રી કામરેજનાઓ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે તથા આ કામનાં વાદીઓ વિરુધ્ધ હુકમ કરેલ છે. જેમાં જણાવવામાં આવેલ છેકે, મોજે માછી તા. કામરેજની બ્લોક નં. ૧૮૯ ની જમીનનાં માલીકો આ કામનાં સામાવાળાઓએ તથા બ્લોક નં. ૧૭૫ ની ખેતીની જમીનનાં માલીકો તરફથી કુદરતી રીતે વહેતા વરસાદી પાણીનાં વહેણમાં કરવામાં આવેલ અંતરાય/અવરોધ પોતાનાં સ્વખર્ચે દુર કરવા તથા સ્થળે પુર્વવત સ્થિતિ સ્થાપવા તથા કુદરતી રીતે વહેતા પાણીનાં પ્રવાહમાં કોઈપણ પ્રકારનો અંતરાય/અવરોધ ન કરવા પ્રતિવાદીઓ (હાલનાં વાદીઓને) હુકમ કરવામાં આવેલ. પાન નં. ૮૯ ઉપર આ કામનાં વાદીએ મામલતદારશ્રી કામરેજનાં હુકમ સામે નાયબ કલેકટરશ્રી કામરેજ પ્રાંત સમક્ષ કરેલ રીવીઝન અરજીનો હુકમ રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેતા હાલનાં વાદીઓની રીવીઝન અરજી નામંજુર કરવામાં આવેલ છે. નિ.૩/૪ થી સદર રીવીઝન સામે આ કામનાં વાદીએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સીવીલ એપ્લી.૨૩૧૦૭/૨૦૧૭ નાં કામે કરેલ હુકમની નકલ રજુ

કરવામાં આવેલ છે, જો વંચાણે લીધો. સદર હુકમનાં પેરા–૫/૩ માં નામ. ગુજરાત હાઈકોર્ટે એવુ અવલોકન કરેલ છે કે,

''There is no gainsaying that remedy under the Mamlatdar Court Act does not determine the civil rights and thedoors of the civil court are not closed, nor the findings of the authorities under the Act, would be binding to the civil court."

આજ નામ. હાઈકોર્ટનાં હુકમનાં પેરા–૬ માં નામ. હાઈકોર્ટે જે તારણ કાઢેલ છે તે નીચે મુજબ છે.

''The impugned orders by the Mamlatdar and the Revisional Authority are based on relevant materials and the appreciation of the documents and the position obtaining at the place. The findings are the factual finding duly arrived at, which are eminently just, reasonable and proper, and in no way perverse."

આમ ઉપરોકત નામ. હાઈકોર્ટનાં હુકમ મુજબ મામલતદારશ્રી કામરેજ તથા નાયબ કલેકટરશ્રી કામરેજનાઓ ધ્વારા જે હુકમ કરવામાં આવેલ છે. તે આધારભુત પુરાવો જે રેકર્ડ ઉપર છે, તેના આધારે કરવામાં આવેલ છે. જેથી તેને નામ. હાઈકોર્ટે ઉથલાવેલ નથી. આમ ઉપરોકત તમામ પુરાવાઓ વાદી તરફે જે રજુ કરવામાં આવેલ છે તે ધ્યાને લીધા. વધુમાં વાદીએ નિ. ૩/૫ થી સી.પી.સી. કલમ ૮૦ મુજબની નોટીસ પ્રતિવાદી નં. ૨, નં.૩ અને નં.૪ નાઓને મોકલાવેલ તેની કોપી રજુ કરેલ છે. આમ તમામ વાદીનાં દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા.

૮:: બીજી તરફ પ્રતિવાદી નં.૧ એ દાવો તથા કામચલાઉ મનાઈહુકમનો જે લેખીત જવાબ આંક–૧૩ રજુ કરેલ છે તેમાં એવી રજુઆત કરેલ છેકે, વાદીના દાવાને એસ્ટોપલ તથા લીમીટેશન એકટની જોગવાઈનો બાધ નડે છે. કારણ કે, આ કામે વાદીના પાવર ઓફ એટર્ની હોલ્ડરની સહી છે, સાથે ગામનાં સરપંચ તથા તલાટી કમ મંત્રીશ્રી રૂબરૂમાં સમજુતિ નકકી કરવામાં આવેલ હતી. જે અંગે લાગતા વળવતાં ખેડુતોની હાજરીમાં પાણીના નિકાલ અંગે સ્થળ પર ચકાસણી કરીને વ્યવસ્થા કરવામાં આવેલ હતી અને આ લખાણ મુજબ પ્રતિવાદી નં.૧ નાં બ્લોક નં.૧૮૬ ની જમીનનું

વરસાદી પાણી વાદીની ૧૮૯ વાળી જમીનમાં થઈને વહી જતું હોવાનું જણાય છે. તેમજ સદર બ્લોક નં. ૧૮૬ ની વાદીનાં ખેતરની હદ સુધીનાં રસ્તાનું પાણી બ્લોક નં. ૧૮૯ માં થઈ બ્લોક નં. ૧૯૧ માં રહેલ ખાડામાં નિકાલ કરવો તેવું લખાણ કરવામાં આવેલ છે. આથી આ કામનાં વાદીના દાવાને એસ્ટોપલનાં સિધ્ધાંતનો બાધ નડે છે, સાથે સાથે મામલતદારશ્રી સમક્ષ જે પ્રથમ દાવો પ્રતિવાદીએ કરેલ હતો તે વર્ષ ૨૦૧૪ માં કરેલ હતો તેનો નિર્ણય આવ્યા બાદ વાદીએ તે અંગે પ્રાંત અધિકારી સાહેબશ્રી રૂબરૂ તેની વિ. અપીલ પણ કરેલ હતી. આથી વાદી આ હકીકતથી ૨૦૧૪ થી વાકેફ છે, તેમ છતાં સને ૨૦૧૮ માં કોર્ટ રૂબરૂ દાવો લઈને આવેલ છે જેથી તેને ડીલે લેચીસનો પણ બાધ નડે છે. એટલું જ નહિ, પરંતુ નામ. હાઈકોર્ટે પણ મામલતદારશ્રી તથા નાયબ કલેકટરશ્રી નાં હુકમ અંગે કોઈ વિરોધાત્મક હુકમ કરેલ નથી. આથી વાદી પાઠાફેર હકીકતો જણાવી હાલનો દાવો કરેલ છે તે સ્પષ્ટ થાય છે. એટલુ જ નહિ પરંતુ પ્રતિવાદીએ પોતાનાં લેખીત જવાબમાં જે મહત્વની હકીકત રજુ કરેલ છે તે એછેકે, વાદીની જમીન પ્રતિવાદીની જમીન કરતાં આશરે એકથી દોઢ ફુટ નીચી છે વાદી અને પ્રતિવાદીના ખેતરથી દક્ષિણ બાજુથી શરૂ થતો રસ્તો લગભગ ૪ થી ૫ ફુટ સુધી પ્રતિવાદીનાં ખેતરથી થોડો નીચો આવેલ છે અને ત્યારપછી ૫ થી ૬ ફુટ સુધીનો રસ્તો પ્રતિવાદીના ખેતરની ઉંચાઈ જેટલો એટલે કે લગોલગ આવેલ છે. ત્યારબાદ ઉ–તર તરફ આગળ જતાં જમીનોની ઉંચાઈ વધતી જતી હોવાથી રસ્તો તે મુજબનો ઢાળવાળો છે, અને બ્લોક નં. ૧૮૬ ની જમીનનો તેમજ વાદીનાં બ્લોક નં.૧૮૯ ની જમીનનો કુદરતી ઢાળ પૂર્વથી પશ્રિમ છે. પ્રતિવાદીનાં ખેતરની પૂર્વમાં તાપીએ જવાનો રસ્તો આવેલ છે તેનાથી પ્રતિવાદીનું ખેતર ૩ થી ૪ ફુટ નીચું છે અને કુદરતી ઢાળ હોય વાદીનાં ખેતરમાંથી પાણી ખાડીમાં થઈ વહી જાય છે. જે વર્ષોથી આ રીતે નિકાલ થતો આવેલ છે, પરંતુ વાદીએ અટકાયત અને અવરોધ કરતાં મામલતદાર કોર્ટ રૂબરૂ પ્રતિવાદીએ દાવો દાખલ કરવાની ફરજ પડેલી અને મામ.શ્રી કામરેજનાએ સ્થળ નિરીક્ષણ કર્યા બાદ હુકમ કરેલ છે. બીજી તરફ પ્રતિવાદીએ વાદી ઉપર એવો પણ આક્ષેપ કરેલ છેકે, આજ સ્થળ સ્થિતિ રેકર્ડ ઉપર જો આવે તો ખરી હકીકત બહાર આવે તેમ છે. પરંતુ વાદીએ કોર્ટ કમિશ્નર મારફતે પંચનામું કરાવવાની

કોઈ માંગણી કરેલ નથી. કારણ કે, જો સાચી સ્થિતિ બહાર આવે તો વાદીની ખોટી હકીકત અને રજુઆત ખુલ્લી પડી જાય તેમ છે. સર્કલ ઓફીસરશ્રી કામરેજનાએ પંચોની હાજરીમાં પંચકયાસ કરેલ છે. આથી આ સંજોગોમાં વાદીનો કામચલાઉ મનાઈહુકમ મંજુર ન કરી શકાય કે દાવો મંજુર ન કરી શકાય તેવી રજુઆત પ્રતિવાદી તરફે થયેલ છે. વાદીએ નામ. હાઈકોર્ટનાં હુકમનુ ખોટુ અર્થઘટન કરી હાલનો દાવો ખોટો દાખલ કરેલ છે. વાદીને કોઈ નુકશાન થઈ રહેલ નથી તેવી હકીકત પ્રતિવાદીએ પોતાનાં લેખીત જવાબમાં જણાવેલ છે.

૮:: આ કામે વાદી તથા વાદીનાં વિ.વ.શ્રીને સાંભળ્યા, લેખીત દલીલો ધ્યાને લીધી.

૯:: બીજી તરફ પ્રતિવાદીએ આંક–૧૪ થી જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, તે વંચાણે લેતાં નિશાની ૧૪/૧ થી મામલતદાર કોર્ટ કેસ નં. ૯/૧૪ નાં હુકમની ઝેરોક્ષ નકલ, નિ. ૧૪/૨ થી વાદીએ કરેલ રીવીઝન અરજી નં. ૧૫/૧૦ નાં હુકમની નકલ, નિ. ૧૪/૩ થી સર્કલ ઓફીસરશ્રીએ કરેલ પંચકયાસની ઝેરોક્ષ નકલ, નિશાની ૧૪/૪ થી તલાટી કમ મંત્રીશ્રી તેમજ માછી ગામનાં ખેડુત ખાતેદારોએ પાણીનાં નિકાલ અંગે તા:૦૯–૦૬–૧૧ નાં રોજ કરેલ લખાણની ઝેરોક્ષ નકલ રજુ છે, જે તમામ ધ્યાને લીધા.

૧૦: ઉપરોકત તમામ હકીકતો તથા રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા પ્રાથમિક એવુ જણાય છે કે વર્ષ ૨૦૧૧ માં નિ. ૧૪/૪ મુજબ આ કામનાં વાદીનાં પાવર ઓફ એટર્ની અરૂણભાઈ છીતુભાઈ પટેલ તથા પ્રતિવાદી બ્લોક નં. ૧૯૫, ૧૯૩, ૧૯૦, ૧૮૯ ના ખેડુતો વચ્ચે એટલે કે પ્રતિવાદી સહિત અન્ય ખેડુતો વચ્ચે તલાટી કમ મંત્રીશ્રી દિગસ–માછી, ગ્રામ પંચાયત તા.કામરેજ જી.સુરતનાઓ રૂબરૂ તા:૯–૬–૧૧ નાં રોજ એક સમુજતિ લેખ થયેલ હતો જે સમજુતિ લેખ મુજબ બ્લોક નં.૧૮૬ એટલે કે, પ્રતિવાદી નં.૧ નાં બ્લોક નંબરનાં હદ સુધીનાં રસ્તાનુ પાણી બ્લોક નં.૧૮૯ એટલે કે વાદીનાં ખેતરમાં થઈ બ્લોક નં.૧૯૧ ના ખેતરમાં રહેલ ખાડામાં તેનો નિકાલ કરવો તેવી સમજુતિ થયેલ છે અને આ સમજુતિ મુજબ વર્તવા અંગે પંચાયત ચોપડે તા:

૦૫–૦૭–૧૧ નાં રોજની ગ્રામ સભામાં ઠરાવ નં. ૨૩ થયેલ હતો. જે હકીકત સદર પુરાવો વંચાણે લેતા ફલીત થાય છે. તદુપરાત આ કામનાં પ્રતિવાદી નં.૧ નાંએ મામ.શ્રી કામરેજ સમક્ષ મામલતદાર કોર્ટ એકટ કલમ–૫ અન્વયે કાર્યવાહી કરવા અરજ દાખલ કરેલ તે અંગેનો હુકમ વંચાણે લેતાં મામ.શ્રીએ પંચનામું કરી સમગ્ર સ્થળસ્થિતિનો અભ્યાસ કરી ગુણદોષ ઉપર આ પ્રશ્નનો ચુકાદો આપેલ છે. જેને નિ. ૧૪/૧ થી પ્રતિ. નં. ૧ એ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૨ નાંને તે લગત વાદીના પાવર ઓફ એટર્ની હોલ્ડરે કરેલ અપીલનો ચુકાદો જે નાયબ કલેકટરશ્રી કામરેજનો હુકમ છે તે રજુ છે. જેમા મામલતદારશ્રી કામરેજનો ચુકાદો કાયમ રાખવામાં આવેલ છે, તેમજ હાલનાં વાદીની રીવીઝન અરજી નામંજુર કરવામાં આવેલ છે. મામલતદારશ્રી ધ્વારા જે પંચનામા આધારે નિ. ૧૪/૧ વાળો હુકમ કરવામાં આવેલ છે, તે પંચનામું આ કામે નિ. ૧૪/૩ થી રજુ છે, જે પંચનામુ પંચો રૂબરૂ કરવામાં આવેલ છે આ કામે વાદી વકીલશ્રીએ એવી દલીલ કરેલ છેકે, પંચનામામાં તેઓ હાજર રહેલ ન હતા અને તેમની ગેરહાજરીમાં પંચનામું કરેલ છે. પરંતુ સાથે સાથે નિ. ૧૪/૪ નો સમજુતિનો લેખ જો વંચાણે લેવામાં આવે તો તે સમજુતિલેખથી પણ એ હકીકત ફલીત થાય છેકે, વાદીની જમીનમાંથી પ્રતિવાદી નં.૧ નું વરસાદી પાણી વહે તેવી વ્યવસ્થા કરવાનું આયોજન કરવામાં આવેલ છે. બીજી તરફ જો નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં મામ.શ્રી તથા નાયબ કલેકટરશ્રી ધ્વારા કરવામાં આવેલ હુકમ રદબાતલ ઠરાવેલ નથી. પરંતુ તે હુકમો ગુણદોષ આધારીત હોય તેમજ પુરાવાને વંચાણે લઈ કરવામાં આવેલ હોઈ તેમાં હસ્તક્ષેપ કરવામાં આવેલ નથી. આ કામનાં વાદીએ હાલનો દાવો જે દાખલ કરેલ છે તે સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૩૪ તથા ૩૮ અન્વયે સુખાધિકાર અન્વયે દાખલ કરેલ છે. જયારે વાદી કોઈ સુખાધિકારનો દાવો લઈને આવે ત્યારે તે સુખાધિકાર તે વિના રોક ટોક અવિરત લાંબા સમયથી ભોગવટા આવેલ છે તેવુ પ્રથમ દર્શનીય રીતે સાબિત કરવુ પડે, જયાં સુધી વરસાદી પાણીનાં નિકાલનો પ્રશ્ન છે, અથવા તો પ્રતિવાદીની જમીનમાંથી વાદીની જમીનમાં પાણીનો નિકાલ કરવાનો પ્રશ્ન છે તો તે અંગે આ કામનાં વાદીએ મામલતદારશ્રીએ કરેલ પંચનામું માન્ય ન હોય તો કોર્ટ

કમિશ્નર મારફત પંચનામું કરાવી સ્થળ સ્થિતિની હકીકત રેકર્ડ ઉપર લાવવી જોઈતી હતી. પરંતુ વાદી તરફે જે પુરાવો રજુ કરેલ તેમાં માત્ર રીવીઝન અપીલ અને ચુકાદાઓ રજુ કરેલ છે. હવે કામચલાઉ મનાઈ અરજીનાં કામે જે નિર્ણય કરવાનો છે, તે સી.પી.સી. ઓર્ડર–૩૯ રૂલ–૩ મુજબ મનાઈ અરજીનાં ત્રણે તત્વો સંતોષાવા ખુબજ આવશ્યક છે. જે મુજબ વાદીનો કેસ પ્રથમદર્શનીય હોવો જરૂરી છે, તેમજ સગવડતા અગવડતાની સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં હોવું જરૂરી છે. તથા કામચલાઉ મનાઈ હુકમ ન આપવાથી નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન પણ વાદીને થાય તે પણ જરૂરી છે. આમ ઉપરોકત ત્રણે તત્વો સંતોષાય તોજ કામચલાઉ મનાઈ હુકમની અરજી મંજુર થઈ શકે તેમ છે. પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદીએ પોતાનો પ્રથમ દર્શનીય કેસ બતાવવા માટે કોઈ પંચનામું કરાવેલ નથી. એટલું જ નહિ પરંતુ નિ. ૧૪/૪ નાં સમજુતિ લેખને વંચાણે લેતા પ્રથમદર્શનીય રીતે એ ફલીત થાય છેકે, પક્ષકારો વચ્ચે આ પ્રશ્નનો નિકાલ વર્ષ ૨૦૧૧ માં સમજુતિથી થઈ ચૂકેલ છે અને આ સમજુતિલેખમાં હાલનં દાવાનાં વાદીનાં પાવર ઓફ એટર્ની હોલ્ડરની સહી પણ કરવામાં આવેલ છે. આમ વાદીનો દાવો જોવા જઈએ તો તેમને પ્રથમથી જ એસ્ટોપલનો બાધ નડતો હોવાનું જણાય છે. વાદીને થતાં નાણાંકીય નુકશાન અંગે જો વિચાર કરવામાં આવે તો વાદીનાં ખેતરમાં પ્રતિવાદીનાં ખેતરનાં પાણીનાં વહેણથી કેટલુ નુકશાન થયુ તેવો કોઈ પ્રથમ દર્શનીય અહેવાલ પણ રજુ કરવામાં આવેલ નથી. વાદીનાં ખેતરમાં પ્રતિવાદીનાં પાણીનાં નિકાલથી કઈ રીતે નુકશાન પામેલ છે અને બીનખેતીની થઈ જાય છે તેવો પણ કોઈ પુરાવો વાદી તરફે રજુ થયેલ નથી. આમ સી.પી.સી. ઓર્ડર–૩૯ રૂલ–૧,૨ નાં તત્વો પૈકી મહત્વનુ તત્વ જે વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તે સંતોષાતુ નથી. એટલુ જ નહિ પરંતુ સગવડ અગવડની સમતુલાનુ પલ્લું પણ વાદીની તરફેણમાં પુરવાર કરી શકેલ નથી તેમજ નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન વાદીને થયેલ છે તેવી હકીકત પણ વાદી પ્રથમદર્શનીય સંતોષકારક રીતે જણાવી શકેલ નથી. આમ જયારે સી.પી.સી. ઓર્ડર–૩૯ રૂલ ૧ અને ૨ મુજબનાં ત્રણેય પાસાઓ વાદીની વિરુધ્ધમાં હોઈ. આમ

ઉપરોકત ચર્ચા કર્યા  મુજબ મુદ્દા નં. ૧ થી ૩ નાં જવાબ  નકારમા ઠરાવી નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

વાદીની હાલની આંક–૫ ની મનાઈ અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

આ અરજીનો ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

આજ રોજ તારીખ  ૩૦  મી માહે  સપ્ટેમ્બર સને ૨૦૨૦ નાં રોજ

ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

**કઠોર.**
**તા:૩૦–૦૯–૨૦૨૦**

**( કુ. ટી. એચ. દવે)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને**
**અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કઠોર**
**GJ 00732**